# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૧/ક્વા-03/૨૦૨૦-૨૧/૮૧ તા.૨૬.૦૨.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૬૧/ક્વા-03/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી આનંદ સ્ટોન ક્રશર ગામ – કેશીયા

સબડીવીઝન: જોડીયા

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જામનગર ગ્રામ્ય

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જામનગર

તારીખ: સોમવાર (૦૮.૦૨.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૮.૦૨.૨૦૨૧ (સોમવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમોએ ગ્રાહક નંબર ૮૨૩૩૪/૦૧૬૮૧/0 અન્વયે કેશીયા ગ્રામ પંચાયતની હદમાં સર્વે નંબર ૨૯૬ માં ૭૧ કિ.વો નું ઔદ્યોગિક હેતુ નું વીજ જોડાણ મેળવવા માટે પીજીવીસીએલ જોડિયા સબ ડિવિઝન મા રૂપિયા ૬,૨૮,૩૧૯/- નું અંદાજપત્ર રસીદ નંબર ૪૮૯૬૧૨ તા.૦૭.૦૪.૨૦૧૭ ના રોજ ભરપાઈ કરેલ છે.

અમોએ નવા ઔદ્યોગિક હેતુ ના વીજ જોડાણની માંગણી કરેલ છે તે સર્વે નંબર ઔદ્યોગિક હેતુ માટે બિનખેતી થયેલ છે આમ છતાં અમારી પાસેથી માળખાકીય સુવિધા ઊભી કરવાનો ખર્ચ અંદાજપત્રક માં ઉમેરવામાં આવેલ છે અને ફિક્સ ચાર્જ આધારિત અંદાજપત્રક આપવામાં આવેલ નથી.

જીઈઆરસી દ્વારા બીનખેતી થયેલ સર્વે નંબરમાં અરજદારને વીજ જોડાણ આપવા માટે ફિક્સ ચાર્જ આધારિત ખર્ચ વસુલવા માટે GERC/Tech/૨૦૧૦/૨૦૬૬ તા.૩૦.૧૨.૨૦૧૦ થી મંજૂરી આપેલ છે અને GERC/Tech/SKA/૬૧૫ તા. ૨૧.૦૪.૧૧ ના પત્ર થી કમિશન દ્વારા મંજૂર કરવામાં આવેલ ફિક્સ ચાર્જ આધારિત ખર્ચ મુજબ ના ચાર્જીસ નવા ગ્રાહકો પાસેથી વસૂલ કરવાનું જણાવેલ ત્યારબાદ GERC/Tech/૧૩૭૮ તા. ૨૪.૦૬.૨૦૧૪ દ્વારા ફિક્સ ચાર્જ આધારિત સર્વિસ કનેક્શન ચાર્જીસ નવેસરથી મંજુર કરવામાં આવેલ.

ગામ તળ બહાર વિવિધ હેતુ માટે વીજ જોડાણ આપવાની સર્વગ્રાહી નીતિ અંગે ગુજરાત સરકાર શ્રી ના ઊર્જા વિભાગના ઠરાવ ક્રમાંક જીયુવી/૨૦૧૬/૩૮૮૫/૧ તા. ૨૪.૦૧.૨૦૧૭ નું નોટીફિકેશન ની પ્રસ્તાવના માં સ્પષ્ટ જણાવેલ છે સદર, સર્વગ્રાહી નીતિ, ગામતળ બહાર ખેતીવિષયક પરંતુ ખેતી માટે ઉપયોગમાં ન લેવાતી જમીનમાં વિવિધ હેતુ માટે ઉપયોગમાં ન લેવાતી જમીનમાં વિવિધ હેતુ માટે ના વીજ જોડાણો આપવા માટે છે. બીનખેતી થયેલ સર્વે નંબરમાં વીજ જોડાણ આપવા માટે જીઇઆરસી દ્વારા મંજૂર કરાયેલ કિ.વો. ને ધ્યાન મા રાખી ચાર્જ આધારિત નીતિ અમલમાં જે તે સમયમાં જ હતી.

બીનખેતી થયેલ સર્વે નંબરમાં કિ.વો. દીઠ ફિક્સ ચાર્જ વસૂલવાની સ્પષ્ટતા જીયુવીએનએલ ના પરિપત્ર નં. જીયુવીએનએલ /ટેક-૨-૧૦૮૫ તા.૦૧.૦૯.૨૦૧૭ માં કરવામાં આવી છે અને તાજેતરમાં જ જીયુવીએનએલ/ટેક-૨/ડી ઈ-૨/૨૪/કોમ્પ/૨૦૫૩ તા.૦૫.૧૧.૨૦૧૯ માં પણ સદર પરિપત્રો અનુસાર બિનખેતી સર્વે નંબરમાં ફિક્સ ચાર્જ આધારિત અંદાજપત્રક આપવાનું જણાવવામાં આવેલ છે.

પીજીવીસીએલ ના પરિપત્ર નંબર. પીજીવીસીએલ/ટેક-૧/૧/૧૧૬૫૦ તા.૦૭.૧૧.૨૦૧૯ મુજબ પણ અમોને ફિક્સ ચાર્જ આધારિત અંદાજપત્રક મળવાપાત્ર થાય છે.

અમારી રજૂઆત ધ્યાને લઇ અમોને આપવામા આવેલ અંદાજપત્રક ફિક્સ ચાર્જ આધારિત તબદીલ કરવા માટે તેમજ અમારી પાસેથી વધુ વસુલ કરેલ ચાર્જીસ ની રકમ પરત આપવા યોગ્ય હુકમ કરવા વિનંતી.અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ ફરીયાદી શ્રી આનંદ સ્ટોન ક્રશર, ગામઃ કેશીયા, તા. જોડીયા, જીઃ જામનગર કે જેઓએ નામદાર ગ્રાહક ફોરમમાં ફરીયાદ કરેલ જેની વિગત નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧) ગ્રાહકનુ નામ , સરનામુ | : | આનંદ સ્ટોન ક્રશર, ગામ : કેશીયા, તા. જોડીયા, જીઃ જામનગર, |
| ૨) ફરીયાદીનુ નામ અને સરનામુ | : | શ્રી અલ્પેશ એમ. ઘેટીયા, પાર્ટનર (આનંદ સ્ટોન ક્રશર ) |
| ૩) અરજી તારીખ | : | તા. ૦૨.૦૩.૨૦૧૭ નાં રોજ પહોચ નંબર 175036 થી રૂ.૪૦૦/- ભરેલ. |

૪) નિયત ભાવ પત્રક આપેલ : તા. ૦૭.૦૪.૨૦૧૭ રૂ. ૬,૨૮,૩૧૯.૦૦ નુ ઇસ્યુ કરેલ.
૫) અંદાજપત્ર ભર્યા તારીખ : તા. ૦૭.૦૪.૨૦૧૭ રૂ. પહેંચ નંબર 489612 રૂ. ૬,૨૮,૩૧૯.૦૦
૬) વિજભાર માંગણી : ૭૧ કિ.વો.
૭) ગ્રાહક નંબર : ૮૨૩૩૪-૦૧૬૮૧-૦ (LTMD)

૩.૧ અત્રેની વિભાગીય કચેરી હેઠળ આવતા જોડીયા પેટા વિભાગના કાર્યક્ષેત્રનુ ગામ કેશીયામાં આવેલ આનંદ સ્ટોન ક્રશર દ્વારા તા. ૦૨.૦૩.૨૦૧૭ નાં રોજ ૭૧ કિ.વો. માટે નવા ઔદ્યોગીક હેતુ માટેના વિજ કનેકશન માટે અરજી કરેલ હતી. જે અન્વયે જોડીયા પેટા વિભાગ દ્વારા સર્વે કરતા સદર જગ્યા ગામતળ બહાર હોવાનુ માલુમ પડેલ માટે તે વખત ના પરીપત્ર નં. જીયુવીએનએલ-ટેક-૨-આરએનઆર-૨૭૧૯ તા. ૩૦.૦૧.૨૦૧૭ તથા પીજીવીસીએલ/ટેક-૧/૧૧૯૬ તા. ૦૩.૦૨.૨૦૧૭ મુજબ સર્વે કરી દરખાસ્ત જોડીયા પેટા વિભાગ દ્વારા અત્રેની કચેરીએ મંજુરી અથે મોકલેલ હતી. સદર દરખાસ્ત ગામતળ બહાર હોય માટે વિભાગીય કચેરી દ્વારા વર્તુળ કચેરીએ મંજુરી માટે મોકલેલ હતી. આમ દરખાસ્ત મુજબના જરૂરી દસ્તાવેજી પુરાવા ચેક કરીને વર્તુળ કચેરી દ્વારા નં. જેસીઓ/ ટેક-૨/એનડી/૧૭-૧૮/૩૪૪૦ તા. ૦૬.૦૪.૨૦૧૭ થી મંજુર કરવામાં આવેલ હતી. તેમજ પ્રવર્તમાન નિયમ મુજબ ગામતળ બહાર ના કોઇપણ હેતુ માટે ની જમીન માં ઓધોગીક નવા વિજ જોડાણ લેવા માટે ઉપર દર્શાવેલ પરીપત્રના પેરા નં ૪ મુજબ દરખાસ્ત બનાવવામાં આવેલ હતી. અને તે મુજબ ગ્રાહકને અંદાજપત્ર આપવામાં આવેલ જે અંદાજપત્ર ગ્રાહકે તા. ૦૭.૦૪.૨૦૧૭ થી ભરપાઇ કરી આપેલ છે. આમ જે તે વખતના પ્રવર્તમાન નિયમ મુજબ અંદાજપત્ર આપી અને સદર નવુ વિજ જોડાણ આપેલ હતુ.

૩.૨ વધુમાં ગ્રાહકની હાલની રજુઆત અન્વયે જણાવવાનુ કે ગામતળ બહાર બિનખેતી થયેલ જમીનમાં વીજ જોડાણ ફિકસ ચાર્જ મુજબ આપવા માટે પરીપત્ર નંબર જીયુવીએનએલ-ટેક-૨-૧૦૮૫ તા. ૦૧.૦૯.૨૦૧૭ તથા પીજીવીસીએલ/ટેક-૧/૧૦૦૭૮ તા. ૦૧.૦૯.૨૦૧૭ થી થયેલ છે. આમ સદર અરજદારને વિજ કનેકશન પરીપત્ર પહેલા આપવામાં આવેલ હતુ. માટે ગ્રાહકની અરજી માન્ય રાખી શકાય નહી તેમજ સદર કેઇસમાં પીજવીસીએલ તરફથી કોઇપણ પ્રકારનુ વળતર ચુકવવા પાત્ર થતુ નથી.

3.3 ત્યાર બાદ તાજેતરમાં GUVNL ઓફીસ દ્વારા પત્ર નંબર GUVNL/TECH-2/DE-2/24/COMP/2053 DT. 05.11.2019 થી આપવામાં આવેલ નિર્દેશ મુજબ ગામતળ બહારનાં બીન ખેતી થયેલ જમીન વાળા કેઇસોમાં લાઇન ચાર્જની રકમ લેવાનુ બંધ કરેલ છે, અને પરીપત્ર મુજબ ફિકસ ચાર્જની રકમ અંદાજપત્રમાં લેવાનુ ચાલુ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે પીજીવીસીએલ કંપની દ્વારા પ્રવર્તમાન નિયમ મુજબ અંદાજ પત્ર આપવામાં આવેલ છે,અને તે અરજદાર શ્રી દ્વારા પ્રવર્તમાન નિયમ મુજબ ચાર્જ ભરપાઈ કરવામાં આવેલ છે. જે બરાબર છે.

૪.૨ અરજદાર શ્રી દ્વારા અંદાજ પત્ર ની ભરપાઈ કરેલ રકમ માથી કોઈ રકમ રિફંડ આપવા પાત્ર થતી નથી. તો તે મુજબ પીજીવીસીએલ ના ૩.૨ અને 3.3 મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૩ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા<br>સ્વતંત્ર સભ્ય | શ્રી બી.પી.બુચ<br>ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૯૮૯